અપીલ અરજી નં.૯૦ તા.૧૫–૭–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૬–૦૮ ની અરજીથી મુગ્લીસરા આઈ પી મિશન સ્કુલની બાજુમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ –અ,બ,ક અને ૨૪૨૧ વાળી જગ્યામાં ચાલતા બાંધકામ બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૬–૦૮ ની અરજીથી મુગ્લીસરા આઈ પી મિશન સ્કુલની બાજુમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ –અ,બ,ક અને ૨૪૨૧ વાળી જગ્યામાં ચાલતા બાંધકામ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ. ૩૯૦ તા.૮–૭–૦૮ થી નોંધ નં.૨૧૧૧ –અ,બ,ક બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપેલ તથા નં.૫ અંગે બાંધકામ હેઠળ હોવાનું જણાવી માહિતી આપેલ નથી. જે માહિતી ગેરમાર્ગે દોરનાર તથા આપેલ જવાબ સ્પષ્ટ ન હોય અને ગોળ ગોળ જવાબ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૫–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૭ તા.૧૮–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી કે વિગતો મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૩–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી નોંધ નં.૨૧૧૧–અ,બ,ક અંગે મુદ્દા નં.૧ થી ૪ની મુદ્દાસર માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૫ માં કરેલી રજુઆત બાંધકામ પાળા યોજનાની અડીને તેમજ નદી કિનારેથી કેટલા ફુટ દુર બાંધકામ થવું જોઈએ તેની સ્પષ્ટ માહિતી અરજદારને પૂરી પાડેલ નહીં હોય તે તથા નોંધ નં.૨૪૨૧ અંગે માંગેલ હકીકતલક્ષી માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય અવધિમાં માહિતી આપવા સાથે સદર મિલ્કતના પ્લાન નિયત ફી ભરી મેળવી લેવા જણાવેલ છે જ. અરજદારની મુળ અરજીમાંથી વિના મુલ્યે પ્લાન મેળવવાની માંગણી કાયદા અને નિયમથી સુસંગત ન હોઈ ગ્રાહય રાખવાપાત્ર ઠરતી નથી.

જયારે અરજદારની અપીલમાં મળેલ માહિતીના આધારે કાર્યવાહી હાથ ધરવાની બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,